માઈનસ સ્વભંડોળ ધરાવતી તાલુકા પંચાયતોને
સરકારી ખર્ચે વાહનની સુવિધા પૂરી પાડવા બાબત.

ગુજરાત સરકાર,
પંચાયત,ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ વહન/૨૦૦૯/૮૨/પાર્ટ-જ,
સચિવાલય,ગાંધીનગર
તારીખઃ- 23 APR 2012

વંચાણે લીધા

(૧) વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરનો પત્ર ક્રમાંક:વિક/પંચાયત/યુ.પ/વશી/૨૭૫૪/૨૦૧૧ તા.૫/૧૧/૨૧૦૧૧

(૨) વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરનો પત્ર ક્રમાંક:વિક/પંચાયત/યુ.પ/વશી/૨૭૫૭/૨૦૧૧ તા.૯/૧૧/૨૦૧૧

(૩) વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરનો પત્ર ક્રમાંક:વિક/પંચાયત/યુ.પ/વશી/૨૭૮૨/૨૦૧૧ તા.૨૧/૧૧/૨૦૧૧

(૪) બંદરો અને વાહન વ્ય. વિભાગનો ઠરાવ ક:-જીટીએસ-૧૦૨૦૦૮-યુઓ-૮/ઘ તા.૨૪/૯/૨૦૦૮

ઠરાવ-

રાજ્યની માઈનસ/ઓછું સ્વભંડોળ ધરાવતી તાલુકા પંચાયતો કે જેઓના વાહનો કન્ડમ થયેલ છે અને વાહનની સુવિધા નથી તેવી પંચાયતોને વાહનની સુવિધા સરકારી ખર્ચે પૂરી પાડવા માટે સને ૨૦૧૨-૧૩ ના અંદાજપત્રમાં રૂ.૧૮૩.૧૫/- લાખની નવી બાબત તરીકે જોગવાઈ કરવા માટે વિકાસ કમિશ્નરશ્રીની કચેરીએ આમુખમાં વંચાણે લીધેલ ક્રમ (૧-૩) ના પત્રોથી દરખાસ્ત કરેલ હતી..

આ દરખાસ્ત અનુસંધાને રાજ્ય સરકારે સને ૨૦૧૨-૧૩ના અંદાજપત્રમાં રાજ્યની માઈનસ/ ઓછું સ્વભંડોળ ધરાવતી તાલુકા પંચાયતો કે જેઓના વાહનો કન્ડમ થયેલ છે અને વાહનની સુવિધા નથી તેવી પંચાયતોને વાહનની સુવિધા સરકારી ખર્ચે પૂરી પાડવા માટે સને ૨૦૧૨-૧૩ ના અંદાજપત્રમાં રૂ.૧૮૩.૧૫/- લાખની નવી બાબત તરીકે જોગવાઈ કરેલ છે. આ હેતુ માટે કરવામાં આવેલ આ જોગવાઈનો ખર્ચ કરવા માટેની વહીવટી મંજુરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે રાજ્યની માઈનસ/ઓછું સ્વભંડોળ ધરાવતી તાલુકા પંચાયતો કે જેઓના વાહનો કન્ડમ થયેલ છે અને વાહનની સુવિધા નથી તેવી આ ઠરાવ સાથેના પરિશિષ્ટ મુજબની કુલ ૩૩ તાલુકા પંચાયતોને વાહનની સુવિધા સરકારી ખર્ચે પૂરી પાડવા માટે સને ૨૦૧૨-૧૩ ના અંદાજપત્રમાં કરેલ રૂ.૧૮૩.૧૫/- લાખની બજેટ જોગવાઈનો ખર્ચ કરવાની નીચેની શરતોને આધિન આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

શ ર તો –

(૧) બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તા.૨૪/૯/૨૦૦૮ના ઠરાવ ક:આંક-જીટીએસ-૧૦૨૦૦૮-ઓ-૮/ઘની જોગવાઈ અને શરતોને અનુસરીને સને ૨૦૧૨-૧૩ના નાણાંકિય વર્ષ દરમ્યાન

પાછળ.......

ખરીદી કરવાની રહેશે.

(૨) બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તા.૨૪/૯/૨૦૦૮ના ઠરાવ ક્રમાંક-જીટીએસ-૧૦૨૦૦૮-યુઓ-૮/ઘમાં જણાવેલ પ્રકાર સિવાયનું વાહન ખરીદવાનું હોય તો વિભાગે બંદરો અને વાહન વ્યવહાર વિભાગના અભિપ્રાય સહિત કરકસર પ્રભાગ, નાણાં વિભાગને દરખાસ્ત કરવાની રહેશે.

(૩) બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તા.૨૪/૯/૨૦૦૮ના ઠરાવ ક્રમાંક-જીટીએસ-૧૦૨૦૦૮-યુઓ-૮/ઘ પ્રમાણે ખરીદેલ વાહન પેટ્રોલ સંચાલિત હોય તો તેને સી.એન.જી.માં રૂપાંતર કરાવવાની વિભાગની જવાબદારી રહેશે.

(૪) વાહનની ખરીદી બજેટ જોગવાઈની મર્યાદામાં કરવાની રહેશે. આ હેતુ માટેની જોગવાઈમાંથી જો બચત રહે તો નિયત સમયમર્યાદામાં સરન્ડર કરવાની રહેશે. બચતનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિં.

(૫) કન્ડમ કરેલ વાહનોની જાહેર હરાજી કરી ઉપજેલ રકમ સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

(૬) નવા વાહનની ખરીદી કન્ડેમ કરેલ વાહનો સામે કરવાની હોવાથી, કન્ડેમ કરેલ વાહનનો હુકમ-તે અંગેનો તાંત્રિક અધિકારીનો અહેવાલ તથા કન્ડેમ કરેલ વાહનની ઉપજેલ રકમની વિગતો નાણાં વિભાગને રજુ કર્યા બાદ જ નવા વાહન ખરીદી શકાશે.

(૭) આ ૩૩ તાલુકા પંચાયતોની યાદી તેના માઈનસ/ઓછા સ્વભંડોળની વિગતો સાથે તાત્કાલિક નાણાં વિભાગને રજુ કરવાની રહેશે, અને તેને આધારે નવા વાહનની ખરીદી કરી શકાશે, અને સંબંધિત તાલુકા પંચાયતને વાહન મંજુર કરવાનું રહેશે.

૨. ઉપર જણાવેલ શરતો પૈકી શરત નં. (૬) અને (૭) ની વિગતો/માહિતી વિકાસ કમિશનરશ્રીએ સંબંધિત તાલુકા પંચાયતો પાસેથી મેળવી સરકારશ્રીની મંજુરી માટે તાત્કાલિક રજુ કરવી. આ માહિતીની ચકાસણી બાદ સંબંધિત પંચાયતને નવા વાહનની ખરીદીની મંજુરી આપવામાં આવશે.

૩. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક:૭૦, મુખ્ય સદર-૨૫૧૫ અન્ય ગ્રામીણ વિકાસ કાર્યક્રમો, ગૌણ સદર-૧૦૧ પંચાયતી રાજ, પેટા સદર ૦૯ (સીડીપી-૩) ઘટક કક્ષાની સંસ્થાઓને સંગીન બનાવવી સદરે થયેલ રૂ.૧૮૩.૧૫/- લાખની જોગવાઈમાંથી કરવાનો રહેશે.

૪. આ હુકમ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૫/૪/૨૦૧૨ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી. આર. ભગોરા)
ઉપ સચિવ,
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ.

પ્રતિ,

૧. માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

સામે પાને........

૨. માન.મંત્રીશ્રી(નાણા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

3. માન.મંત્રીશ્રી(પંચાયત) ના ખાસ ફરજ પરના અધિકારીશ્રી, સચિવાલય, ગાંધીનગર

૪. અગ્ર સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૫. અગ્ર સચિવશ્રી(પંચાયત)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

૬. વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર

૭. સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ

૮. એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ

૯. નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર

૧૦. સંબંધિત તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ

૧૧. પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર

૧૨. બજેટ શાખા, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૧૩. શાખા સિલેકટ ફાઇલ

૧૪. ના.સે.અ. સિલેકટ ફાઇલ.

## પરિશિષ્ટ

## માઈનસ/ઓછું સ્વભંડોળ ધરાવતી તાલુકા પંચાયતોની યાદી

| ક્રમ | જિલ્લાનું નામ | તાલુકા પંચાયતનું નામ | કન્ડેમ અથવા કન્ડેમને પાત્ર વાહનની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | અમરેલી | બગસરા | ૧ |
| | | કુંકાવાવ | ૧ |
| | | લીલીયા | ૧ વાહન કન્ડેમ કરેલ છે. |
| ૨ | દાહોદ | ધાનપુર | ૧ |
| | | દે.બારીયા | ૧ |
| ૩ | જૂનાગઢ | મેંદરડા | ૧ |
| | | વિસાવદર | ૧ |
| | | સુત્રાપાડા | ૧ |
| | | માણાવદર | ૧ |
| | | ભેંસાણ | ૧ |
| | | કોડીનાર | ૧ |
| ૪ | મહેસાણા | બેચરાજી | ૧ |
| | | વડનગર | ૧ |
| ૫ | પંચમહાલ | કડાણા | ૧ |
| | | લુણાવાડા | ૧ |
| | | મોરવા(હ) | ૧ |
| | | ઘોઘંબા | ૧ |
| ૬ | પાટણ | હારીજ | ૧ વાહન કંડેમ કરેલ છે |
| | | સાંતલપુર | ૧ |

પાછળ....

| | | | |
|---|---|---|---|
| ૭ | ખેડા | કઠલાલ | ૧ |
| ૮ | અમદાવાદ | માંડલ | ૧ |
| ૯ | ભાવનગર | પાલીતાણા | ૧ વાહન કન્ડેમ કરેલ છે. |
| ૧૦ | રાજકોટ | માળીયા(મીં) | ૧ |
| ૧૧ | સુરત | ઉમરપાડા | ૧ |
| | | મહુવા | ૧ વાહન કન્ડમ કરેલ છે |
| ૧૨ | સુરેન્દ્રનગર | લખતર | ૧ |
| | | લીમડી | ૧ |
| ૧૩ | વડોદરા | શિનોર | ૧ વાહન કન્ડમ કરેલ છે |
| ૧૪ | વલસાડ | કપરાડા | ૧ |
| ૧૫ | બનાસકાંઠા | થરાદ | ૧ |
| | | ભાભર | ૧ |
| | | ડીસા | ૧ |
| ૧૬ | આણંદ | સોજીત્રા | ૧ |
| | | | 33 |